# નેશનલ બિઝનેસ ઓલમ્પિયાડમાં ઈડીઆઈએ સપાટો બોલાવ્યો

## આઇઆઇએમ અમદાવાદમાં કન્ફ્લુઅન્સ દરમિયાન યોજાયેલી સ્પર્ધામાં ઇડીઆઇએ પ્રથમ ત્રણ સ્થાન હાંસલ કર્યાં

**ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ**

આઈઆઈએમ અમદાવાદ દ્વારા યોજાયેલા કન્ફ્લુઅન્સ-૨૦૧૦ દરમિયાન ઈડીઆઈના વિદ્યાર્થીઓ દ્વારા નેશનલ બિઝનેસ ઓલમ્પિયાડ સ્પર્ધામાં સપાટો બોલાવી દીધો હતો. દેશની ૪૦ બિઝનેસ સ્કૂલના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ઈડીઆઈના વિદ્યાર્થીઓએ પ્રથમ ત્રણ પોઝિશન હાંસલ કરી હતી. આ સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં આર એન્ડ ડી, ઓપરેશન, માર્કેટિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રે બિઝનેસ નોલેજ, તેની આવડત, નિર્ણય શક્તિની ચકાસણી કરવાનો હતો.

ઈડીઆઈના અભિષેક ગોએન્કા, હેમંત મહેતા અને લવ આનંદજીવાલાએ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. રનર્સ અપમાં પણ ઈડીઆઈના જ વિદ્યાર્થી અંકુશ જૈન, મનીષ બંસલ અને વંદના બોરડિયાનું સ્થાન હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન કિરણ બેદીના હસ્તે વિજેતાઓને સર્ટિફિકેટ અને ઈનામની રકમ આપવામાં આવી હતી. અભિષેક ગોએન્કાએ જણાવ્યું હતું કે કિરણ બેદીના હસ્તે અપાયેલું આ ઈનામ ભવ્ય છે. જ્યારે હેમંત મહેતાએ જણાવ્યું હતું કે, અમે સિટી રાઉન્ડથી પ્રીલિમ અને ફાઈનલ તરફ આગળ વધ્યા ત્યારે અમે નક્કી કર્યુ હતું કે ભૂલોનું પુનરાવર્તન નહી કરીએ. ગોએન્કા અને મહેતા ટુરિઝમ સેક્ટરમાં કારકિર્દી ઘડવા માગે છે, જ્યારે લવ આનંદજીવાલા પોતાના પરિવારના બિઝનેસનો વ્યાપ વધારવા માગે છે. લવે જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં ભાગ લેતાં મળેલો અનુભવ તેને પોતાના ફેમિલી બિઝનેસને